ફકત પારસીઓ માટેજ.

પારસી કોમમાં વધી પડેલું કુંવારાપણું.

લેખક :- મીનોચેહેર રતનજી પાંડે.

કીંમત ચાર આના.

આ પુસ્તક દીનશાહ શાપુરજી નસાનીએ મુંબઇના કોટમાં નં૦ ૫૭-૫૯, કાવસજી પટેલ સ્ટ્રીટ ખાતે ધી ફરોશ-ગર્દ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું છે, અને મીનોચેહેર રતનજી પાંડેએ, નં૦ ૩૦, ધોબીતળાવ, મુંબઇ નં૦ ૨ મધ્યે પ્રગટ કીધું છે

જુનાં દેસાઇની કું.

તમોને કોઇબી જાતની

—કોઇબી ડીઝાઇનની રંગ બેરંગી—

તમામ વેલાયતી જેવીજ

—:o:—

ચુંદડી

—છપાવવી હોય તો અમારી સલાહ લેજો—

ગરમ, સુતરાઉ, રેશમી કાપડ ધોઇ, તેમજ
અપ-ટુ-ડેટ રંગોમાં રંગી આપીશું.

—:o:—

જુની દેસાઇની કું.

વહાડયાજીના આતશબેહેરામની સામેની લાઇનમાં,
જેમ્સ પીઅરસની બાજુમાં, પ્રીન્સેસ સ્ટ્રીટ,

મુંબઇ.

જેમ્સ મેન્યુફેકચરીંગ કું૦

સ્થાપી ૧૮૮૫.

પીઆના, ઓરગન, પેરીસની બનાવટના, તેમજ હમારા કારખાનામાં બનાવેલાં, હાથના તેમજ પગના ફોલડીંગ, હારમોનીયમો હીઝ માસતર્સ વોઇસ, ગ્રામોફોન્સ, તેમજ ગાયણોની રેકોર્ડસ, અને સ્વીસ, તેમજ જરમન ચહુડ,

ઉતર-ભાવના ગ્રામોફોન્સ, એકરોડીઅન્સ.

ઝંઝરી, અને વાંસલીના વેપારીઓ.

રબર-સ્ટેમ્પ,-તેમજ બ્રાસ અને મેટલ

સ્ટેમ્પ, અને નામના પાટયાં બનાવનારા,

તેમજ દરેક ધાતુ ઉપર કોતરકામ

કરનારા અને લખવાની બ્લુ બ્લેક,

અને લાલ શાહી વીગેરે

બનાવનારા.

નંબર ૧૬૩, કાલબાદેવી, મુંબઈ.

બહેસ્તનશીન મ્હારા વ્હાલાં

નેક પીતાજી

રતનજી ભીમજી પાંડેની

ભલી

અને

પવિત્ર યાદમાં.

ફક્ત પારસીઓ માટેજ.

પારસી કોમમાં વધી પડેલું કુંવારાપણું.

લેખક:—મોનાચેહેર રતનજી પાંડે.

કીંમત ચાર આના.

પારસી કોમમાં વધી પડેલું કુંવારાપણું.

તેનો વાસ્તવિક સબબ શું છે?

રીતની બીકે કોમને કરેલું મોટું નુકશાન.

લખનાર **મી૦ મીનોચેહેર રતનજી પાંડે.**

પારસી કોમમાં કુંવારાપણું જબુન રીતે વધી પડયું છે. એ સવાલ ઉપર છેલ્લાં કેટલાક વરસો થયાં કોમ વચ્ચે જ્યારે ત્યારે ચરચા જાગી હતી, પણ તે વખતે પુરતું લક્ષ દેવામાં ન આવ્યું હતું અને તેનું પરીણામ બહુજ ખુરાબીમાં આવ્યું.

તે ખુરાબી એટલાજ માટે આપણે ઓળખાશું કે, ધર્મ તરફની બેદરકારી વધી પડેલી હોવાથી અને આપણી કોમને સારે રસ્તે દોરવનાર શીક્ષકો (શીક્ષકો. એટલે આપણી સ્કુલના માસ્તરો નહિં પણ ખરા ગુરૂજીઓ, જેવા કે આગલા જમાનામાં હતા અને આજે બીજી બાકીબધી કોમોમાં તેવા થોડાક જણાય છે તેવા) ન હોવાથી કુંવારાપણું દાખલ થવા પામ્યું છે.

પ્રિય વાંચકો! જેમ એક નાના બાળકની સંભાળ લેવા માટે એક માતાની મુખ્ય જરૂર હોય છે, તેમ કુંવારાપણાંના અનેક ગેરલાભો સમજાવવાને માટે એક માન પામેલા અશો પાક પહરેજગાર ગુરૂજીની જરૂર આજે ઘણી માલમ પડે છે કે, જેઓજ આપણા અજાનપણામાં ફસેલા નરનારીઓને સીધો ને સરળ રસ્તો દેખાડશે. હું, એટલા સુધી બોલીશ કે, તેજ ગુરૂઓ આપણા શીશચારીમાં મરાચરી રહેલાં લોકોને મોજશોખ ઉપર કાબુ રાખવાને તથા કુંટુંબ કબીલાવાલાં થવાના અનેક ફાયદાઓ સમજાવી શકશે. તેમજ મેહનત કરીને ગુજરાણ ચલાવવા અને તેની બરકતથી નામદારી મેળવવા તથા તે નામદારીને વધુ પાયા ઉપર મેલી કીર્તી વધારવા અને તે કીર્તીના જેમ તથા જોશથી સખાવત કરવા અને તેની અસરથી હરેક કોમ કોમ વચ્ચે મીત્રાચારી અને ભાઇબંધી વધારવાનું પણ આપો-આપ ઉતેજન મળશે. ટુંકમાં બોલીશું, તો એવી બાબદો ઉપર લંબાણ ભાષણો ચાલુ અને ચાલુ કરતા રહેવાનો મુખ્ય ધર્મ ગુરૂઓનો અને તેઓને સાંભળવાની બેહદીનોની ખરેજ ફરજ છે; પણ અફસોસ, આપણામાં આજે તે જણાતું નથી.

આપણા પવિત્ર મહજબે એવાં ફરમાનો પોતાની પવીત્ર કેતાબોમાં આપ્યા છે, કે જે પ્રમાણે આપણે સાદાઇ અને અશોઇથી ચાલયે તો આજે આપણા સંસારનું વહાણ કોઇ જુદીજ દિશાએ હંકરાતું જણાય, પણ અફસોસ! સમજવાને

અને સમજી તે પ્રમાણે વર્તવાને આપણું આજે ઘણા પાછળ છીએ. આપણે ધર્મની ખરી ખુબી પીછાણવાને નીષ્ફળ નીવડ્યાં છીએ. આ જમાનામાં ધર્મ એ ખરેખર શું કહ્યું છે, તે જાણતાં નથી, જાણવાની દરકાર કરતાં નથી. આજે તો અસલ લખાણને છોડી તરજુમાં વાંચવાની આપણને ભલામણ થાય છે, પણ આખો ટોળો તરજુમાં વાંચી તેનાથી સમજ મેળવી લે તે અશક્ય છે. માટે અસલ લખાણોનું રહસ્ય જાણવાને, તે સમજવાને અને તે પ્રમાણે વર્તવાનું શીક્ષણ આપવાને આપણને ધર્મ શીક્ષકો (ગુરૂજીઓ) ની અંગત જરૂર છે, પણ અત્રે કહી દેવું જોઇએ, કે આ શિક્ષકો સ્વાર્થ રાખનારા કે એહસીલા ન હોવા જોઇએ. બ્હેદીનોના "હાજી હા" ભણાવ્યાથી "હાજી હા" ભણનારાઓ નાહી જોઇએ. તેઓનો ઓશીઆળો અવતાર બી હોવો નહિં જોઇએ., તેઓ વળી લોભથી ફરી જનારા નહિં જોઇએ. ટુંકમાં કહેતાં ધર્મગુરૂનુ લક્ષણ અવસ્તાએ જણાવ્યું તેવુંજ રહેવું જોઇએ. ફેશનની ફીસ્યારીથી આપ અખ્તયાર બનેલો વર્ગ જે સુધરેલો પક્ષ કહેવાય છે, પણ જે ખરેખર તો કુધારા તરફ વળેલો છે, તેવો કહેવાતો કેળવાયલો વર્ગ અને જુના વિચારનો કહેવાતો વર્ગ, એમ બંને આવા ધર્મગુરૂને માન આપી તેમનું સાંભળે, એવા ધર્મગુરૂની આજે આપણને જરૂર છે. આપણી ફરજ શામાં છે અને તે શું છે તે ખુલ્લી રીતે બતાવી આપે. ત્યારે ને ત્યારેજ—આપણો બેહદ ટોળો કાંઇ રાહપર આવશે.

આપણે હર વેળાએ આપણા મહજબ તરફ ડોક નમાવી નમસ્કાર કર્યે છીએ, અને તે પાક મહજબે લગ્નનું સુખ ઉત્તમમાં ઉત્તમ ગણાવ્યું છે. હું ખાત્રીથી જણાવું છું કે સર્વને પરણવા ગમે છે. મારા હમદીન **ભાઇઓને અને બહેનોને.** બધાંને સંસારમાં જોડાવાની હોંશ છે, પણ ન પરણવાનું મુખ્ય કારણ પેલી "**રીતની ભીખનો બાહુ**" છે, જે તેઓને નડે છે. આ બીહવરાવનારા "બાહુ" થી મોટો ભાગ કુંવારાપણામાં રહે છે, અને કેટલાક "**રીતની ભીખ**" ની આશામાં અટવાઇને ખોદાને માર્ગે લાગી જાય છે.

અફસોસ, આપણા પારસી બેટાઓ એમજ સમજી બેઠા છે, કે અમારાથો ગરીબાઇમાં અને સાદાઇમાં તો રહેવાયજ નહી, અને (ફેશનની) ફીશયારી તો છોડાયજ નહી. એબી એક જાતનું કોટકજની?

કહે છે કે ઘેરના ભાડાં મોંઘાં અને ખોરાકીની ચાલુ મોંઘવારીને લીધે, રૂપ્યા ૧૦૦ થી રૂ ૧૫૦) નો કમાનારો શું જોઇને કોઇને ચાંદલો કરવા જાય, ને તે બાપડી કાઇને લાવીને ઉલટી હાડમારી ને સંતાપમાં નાખે, તેથી પૈસાવાળો બીજુ શોધવા નીકળે છે. પણ ભલાં માણસોને ખબર રહેતી નથી, કે જ્યારે તેઓ દોલતવાળાં સાસરીયામાં બીરાજે છે, ત્યારે તેઓ કહેવા ઝંખવાણા જેવા પડી જાય છે? એ તો તેઓનો જીવજ જાણે તો. એશ્યાળી જીંદગી, બર્યો એવો અવતાર! રોજના

નાણાં તપલાં ને બૈરી થતીના ગુલામ જેવી હાલત કરતાં તો કુંવારાપણું લાખ દરજ્જે બેહેતરજ તો, પણ ૧૫૦ ને ૧૦૦ ના કમાનાર શું પણ તેથી ઓછું કમાનારથી જો કોઇ નમાની, ગરીબ, ઘરબારના કામકાજથી પાવરડી ધણીયાણી લાવે તો, તેનું ઘર શ્રીમંત કરતાં સુખી નીવડે. સાદાઇ જો અખત્યાર કરે, પૈસાદારની હવેલી જોઇને પોતાની ઝુંપડી તોડી નહિં પાડે તો, કુંવારા રહેવાની જરૂરજ નથી. માત્ર મોટા મોટા ફેશન પ્રીશીયારીના ને અકરીકટના ખરચો રાખવાને લીધેજ પરણી જીંદગી ઘણાઓને પોષાતી નથી, ને તેથીજ ખરચ પુગો નહિં પડે માટે કુંવારા રહીએ છીએ એવાં બહાનાં કાઢે છે.

બીજા હાથ ઉપર છોકરીઓનો પણ કસુર તો છેજ. તેઓને પણ ફેશનમાં મરી રહેવા ગમે છે. આજની આપણી લેભાગુ કેળવણી, છોકરીઓમાં છોળકા વિચારો દાખલ કરવા માટે ઘણે દરજ્જે જવાબદાર છે. ઉછાંછલી, અણસમજુ, ઘરના કામકાજથી બીન માહિતગાર, પડોશીનું જોઇને તેની નકલ કરનારી છોકરીઓ, ૧૦૦ ને ૧૫૦ નો પગાર સમજી નાકનું ટીચકું ચઢાવે ને તેમાં તેને માયો—અને બાવાજીઓ ઉતેજન આપે તેમાં નવાઇ શું છે? કેળવણીની ખામીથી એજ પરિણામ આ-વતું નથી પણ છોકરીઓના આખા સંસારનું આજની લેભાગું કેળવણી સત્યાનાશ વાળે છે. આપણી છોકરીઓને સાદાઇના અને ઘરસંસારને લગતા ઉંચા પાઠો શીખવવાને બદલે, તેઓને

છકેલપણાં તરફ ઘસડે એવી કહેવાતી અપ–ટુ–ડેટ કેળવણી આપવામાં આવે છે, જેનું પરિણામ આપણે અત્યાર આગમજ ઘણું ભોગવ્યું છે, અને હવે પાછાં પગલાં ભરવાની જરૂર છે. વળી આ બાબતમાં સર્વથી પહેલો અને જબુન વાંક આપણે, આપણા બેટાઓની માતાઓનો કાઢીશું, જેઓ આગળ રહી બા–હિમતથી મોહડે ચઢીને '**રીતની ભીખ**' ની માંગણી કરે છે. તેઓ વળી હજાર બે હજારમાં તો સંતોષ માનતાજ નથી. પાંચ હજાર ને વધુ મળે તે ઠેકાણે પોતાના દીકરાઓને વેચવા તેઓ તૈયાર થાય છે. આવી નીર્લજ ભરી રીતે ગરીબ બેટીઓના ખેશીઓ તરફથી માંગણી કરવામાં, આ બાઇઓ હરગીજ શરમાતી કે લજવાતી નથી, પરંતુ પોતાની બેટીઓને એવાજ છાલકા વિચારો ધરાવવાનું એક જાતનું લેશન શીખવે છે.

અફસોસ! આ શરમભરેલી ચાલ માટે આપણે તેઓને કેવું નામ આપ્યે! આવા નફતાઇના નમુનાઓને આપણે બહાર (ઉઘાડા) પાડવાજ જોઇએ, કે જેથી બીજી માતાઓ ચેતેલી રહે. દીકરાજીઓ શોભતાબી ખરા કેની, તે માતાઓ હરખાઇ હરખાઇને તેઓની કીંમત કરે છે. પણ દીકરાની હજાર કમાલ એબ તરફ જોતી નથી, તેમજ તે વેચાયલા વરનું પાછલથી કેવું ભવિષ્ય નીવડશે તેનો પણ ખ્યાલ તે માતા કરતી નથી.

આ રીતની ભીખ માટે વળી છોકરીઓના માબાપોને પણ કસુર છે. મોટે શ્રેરનાઓ પઇસાના જોરે પોતાની ગમે તેવી ખોડ ખાપણથી ભરેલી અને અયાસી તથા આળસુ દીકરીઓને ઠેકાણે પાડવા માટે જમાઇઓને વેચાતા લેવાનું પસંદ કરે છે, એટલે દીકરાજીઓની માતાઓ પણ હમેશાં એવા બીલ્લુની શોધમાંજ રહે છે. પછી ભલેને તેઓનો પરણ્યો સંસાર સુખી જાય કે દુઃખી! જો આ "**રીતની ભીખ**" ની બદીનો અટકાવ, મલબાર હીલની મેનાઓને ત્યાંથીજ થાય અને તેઓજ તેને ધીકકારી કાઢે, તો પછી પોતાની ખુબસુરત અને ઘર રાખુ પણ ગરીબ બેટીઓને ઠેકાણે પાડવાની મધ્યમ વર્ગને મોટી મુસીબત નહિં નડે. પૈસાદાર લોકો પોતાના પૈસાને જોરે, ગમે તેવી પોતાની ખોડખાપણવાળી અને આયાદાયાને હાથે ઉધરેલી. તેવીજ હગમ હાંડકેની છોકરીઓને ઠેકાણે પાડવા મોં માંગ્યું દામ આપે, તો વેચાવા નીકળેલા બુંબખો, જો ગરીબ અને મધ્યમ વર્ગની પણ ખરી ઘરરાખુ, સાલસ છોકરીના માબાપો પાસે પણ મોટી રકમો ઓકાવાની તજવીજ કરે તેમાં નવાઇ નથી ને તે કારણે, યા તો માબાપો કરજ કરીને છોકરીને ઠેકાણે પાડે, કે યા તો તેણીને ગમે એવી લાયકાત છતાં ઘરમાં સબડવા દે. ખરેખર પુછો, તો એમાં કમનસીબ છોકરાઓનો વાંક છે, કે જેઓ સંસારની આવી લાયક ભાગ્યવાન મેળવવાથી બેનસીબ રહે છે. કેટલેક વખતે આપણા

લોકો એમ સમજે છે કે, એક નાચાર બાઇનાં લગ્ન કરી આપવા, યા એવીજ કીસમનું પરમાર્થ ભર્યું કામ બજાવવું, તેના જેવું સખાવતી કાર્ય બીજું કશુંજ નથી. પણ જો તે જોડું, ખરે- ખર રીતની બાખની બદીથી નીરાળું રહીને, ગરીબ સંસારે રહેવાને ખાતરજ ઠેકાણે પડતું હોય, તોજ તેવી મદદ કરવી ઘટે છે.

ગરીબ પણ નમાની, ઉદ્યોગી, મહેનતુ છોકરીએ, પોતાનો ભાગીદાર પણ તેવોજ શોધી કાઢયો હોય, તો પછી તેવાં જોડાંને સહાય કરી સંસારમાં હાર પાડી આપવાં. પણ આજે ઘણી વખત જોવામાં આવે છે કે, આ કહેવાતાં ગરીબ લોકો પરણે છે ત્યારે પારકે પઇસે, જયારે ખુદ લગનને દહાડેજ, ખાણીપાણી ને ધામધુમ તો પઇસાદારને પણ લ્હાવે તેવી હોય છે, અને તેઓનો ભપકો ને ખરચ ભલા ધનેતરને ભુલાવે તેવો જણાય છે. આ કહેવાતું ગરીબ જોડું, પાછલથી જે રીતે આપણે જોઇએ છીએ, તેમ ખરચમાં કશી વાણ રાખતું નથી, અને નોકર નફરો તથા ચલેજાવ બલેજાવ ભપકો તેઓને નાશના ખાડામાં ઘસડી જાય છે તે આજે જાણીતું છે. એમાં પણ કેળવણીની ખામી ઉપરાંત ગરીબ કહેવાવાની સુગ છે. મેમ સાહેબને ફ્લાણું તો જોઇએ, મેમ સાહેબને ફ્લાણી સારી વગર તો ચાલે નહિ. જણસબી ઘણી જોઇએ. ફરવા તો જવું જોઇએ. પગે ચાલીને એક ડગલું તો જવાય નહિ, ગાડીજ જોઇએ.

એવા એવા ખોટા ખરચોમાં આજે પારસી કોમ તણાઇ મરે છે અને પછી જ્યારે વાંક કાઢે છે, ત્યારે લગનનો કે પરણેલી જીંદગી ઘણી ભારે પડે છે ને ખરચ પુગતો નથી ને ઘેરબાર ટુંક પગારમાં ચલાવાતું નથી. આ સામાન્ય **"પારસી સંસાર"** નું ચિત્ર છે.

રીતની ભાખની બદીમાં, આજનો કહેવાતો અભણ વર્ગ જ ફસેલો નથી, પણ કહેવાતો કેળવાયલો અને અપટુડેટ વર્ગ તેના સકંજામાં વધુ લપટાયલો છે. જેમ નામ આગલ પુછડાં વધારે, તેમ તે દરેક પુછડાં દીઠ તેમની કીંમત પણ વધારે અંકાય છે. હેફ પડજો એવી કેળવણી ઉપર ! કેળવણી લઇને છુટાપણું ભોગવવાને બદલે, બઇરીના હાથપર વેચાવાનું જેઓ પસંદ કરે છે, તેઓ ખરેખર પોતાની કેળવણીને નામોશી અને ઝાંખ લગાડે છે.

જેઓના મનમાં અનીતીભર્યા વીચારો નાનપણથીજ વહેતા હોય, જેઓ તેવાં કામમાં ફસેલા હોય, તેવાઓના માતપીતાઓની ફરજ છે કે, તેવા વિચારોમાંથી અને તેવે રસ્તેથી પોતાના **બેટાઓને** (અને **બેટીઓને**) મુકત કરવા કોશેશ કરવી અને બોધભર્યા દાખલાઓ તેઓ સનમુખ ધરવા અને નહીં કે તેવા બેટાઓને એવું ઉતેજન આપી ચઢાવવા કે, " જ્યારેબી પરણશે ત્યારે બઇરી તો મોટી "રીત" લઇને પગે લાગતી આવશે." એવા વાહીયાત વિચારોથી, નાદાન ઉછાછળાં બેટાઓ ફુગી

ફાટી જાય છે અને કેટલીક વખત મોટી રીતની આશામાં ને આશામાં, મનના તુરંગો વચ્ચેજ પરણીને અદરાઇ પણ જાએ છે. આવા કમનસીબોને, મનના તુરંગો વધારે લોભ તરફ ધસડી જાય છે, જેથી તેઓ "**કુંવારાજ**" ધરડા થવા પામે છે.

અફસોસ! કેટલાકો પોતાની જુવાની ઉપર, કેટલાકો કેળવણી ઉપર અને કેટલાકો ખાનદાનની તુમાખીને લીધે કુંવારીજ જીંદગી ગુજારે છે, કે જે તેઓની તુમાખી બુઢાપામાં તુટવા પામે છે. તેઓ જ્યારે અર્ધા ધરડા થાય છે ત્યારે તેઓની નજર ઉઘડે છે, પણ મોટી ઉમરે લગ્ન કરવા માટે તેઓ શરમાય છે. કેટલીક વખત તો ઉમર છુંપાવીને, અને કોઇવાર "ઘરરાખુ શીખેલી સ્ત્રી મેળવવા રીત જોઇતી નથી" એવા અર્થ સુચક શબ્દ સાથની જાહેર ખબર આપીને, પરણવા તૈયાર થાય છે. પણ અફસોસ! લગનના બજારમાં તે વખતે તેઓના ભાવ પુછાતા નથી. જેઓ નાની રીતથી સંતોષ નહિં માનનારા "**રીત જોઇતી નથી**" એમ ચોખ્ખું કહે, છતાં **બઇરી નહીં મળે** એ તેઓને કેવો કુદરત તરફનો તમાચો!

રીતની ભીખપર મરી રહેલાઓનો કેટલીવાર કેવો ફેરતો થાય છે, તે જાણીતી વાત છે. કેટલીક ચાલાક બાઇઓ સમજી જાય છે કે, પીતાજીની દોલત ઉપર મગતરા ભમે છે, તેથી તેવાઓને તેઓ બેહેકાવે છે, અને પછવાડેથી તેઓની મશ્કેરી અને ઠેકડી કરે છે. એવા આપમતલબી નખરાંઓથી કેટલાએક

શખ્શો ફુલનજી બની જઇ ભેટ સોગાદો પુર છુટથી આપવા માંડે છે અને આજકાલ કરતાં આશામાં ને આશામાં જીંદગી બરબાદ કરે છે.

કેટલાક મરઘા માસ્તરો, કુંવારા રહેવાનું એ કારણે પસંદ કરે છે કે, તેઓને બઇરાંઓમાં ડાહેલા થવાનું તેથી ફાવે છે અને પાંચ બઇરાં ભેગાં થયાં હોય ત્યાં જઇને જરાજરામાં તેઓને હસાવવાના ફાંફાં મારી તેઓની દોસ્તી સાંધે છે. કેટલાક બેશરમો, સ્ત્રીઓની પુંઠ પુંઠ ભમીને આબરૂદાર સ્ત્રીઓને સતાવે છે. પોતે ગગાજી હોય, બાવા નાહે ને તાપે તેવા, બોલવા ચાલવાનું ઠેકાણું નહિં, છતાં ઇંગ્લીશ શુટમાં કાળા સાહેબ લોક જેવા સજ થઇને, તેઓ કોઇ ચીકાસદાર બીલ્લુ શોધવાના ફાંફાં મારે છે. પણ ઉપર કહ્યું તેમ, સમજુ સ્ત્રીઓ તેવાઓને કોડું આપતીજ નથી પણ ઉલટું તેઓની ઠેકડી મશકેરી કરી, તેવાઓને કોઇકવાર પાણીઉતાર કરે છે.

મેં આગલ કહયું તેમ, એમાં છોકરીઓની માતાઓનો મોટો કસુર છે. "રીતની ભીખ" ની કોમમાં ફેલાએલી બદી માટે તેઓજ જવાબદાર છે. તેઓ પોતાની લવંગીયા જેવી બેટીઓનો કોઇબી રીતે ઉઠાવ કરવાની દોડાદોડીમાં જમાઇ થતો કેવો છે અને કેવો નહિં, પાછલથી દીકરીનો ભવ સુખમા જશે કે નહિં, તે જોવા જાણ્યા વગર કોઇવાર છોકરાના ખાના દાનપર, કોઇવાર ખુબસુરતીપર અને કોઇવાર કેળવણીપર અને ઘણીજ વખતે બાવા નાહે ને તાપે તેવા છોકરાના બહારન-

દેખાવપર લોભાઇ, મોટી રકમની બીડની લાલચોથી જમાઇઓ હાથ કરવા તત્પર રહે છે. પરિણામે, છોકરાઓના પોતાના અને માબાપોના લગનના બજારમાં હમેશાં ચઢતાજ ભાવ બોલાય છે. પરિણામે, ગરીબ અને મધ્યમ વર્ગને પોતાની બેટીઓનો ઉઠાવ કરવાનું ઘણું ભારે પડે છે. તેઓને બેટીઓ શ્રાપ સમાન થઇ પડે છે. કેટલાંક એવા અભાગ્યાં કુંટુંબ છે, જે બેટીઓના અવતરવાને કમનસીબ લેખે છે, અને તેઓ નહિંજ પેદા પડે એવું ઇચ્છી, બાજે વખત તેઓનું મોત પણ ચાહે છે. કારણ કે પઇસાદારો, પોતાની ગમે તેવી બદસુરત બેટીઓનો ઉઠાવ નાણાંને જોરે કરી શકે છે, જ્યારે બાપડાં ગરીબ અને મધ્યમ વર્ગ ગમે તેવી લાયક બેટીને ઠેકાણે પાડવાને અશકત થઇ પડે છે.

આપણી કોમમાં કુંવારાપણું વધી પડવાનો બીજો સબબ, આપણી કેટલીક ફીશીયારીખોર નારો છે. તેઓ આજની છાલકી કેળવણી લઇ, ફીશીયારીમાં અને ફેશનમાં મરી રહેલી હોવાથી વધારે પગાર લાવનારા આસામીઓ સાથે જો નહીં લગન કરે તો પછી તેઓ કોણને ખાય કરડે? અને તેટલાજ ખાતર, આજના જમાનાની સ્ત્રીઓ પોતાના ધણીઓને સોલ શાઇટ દાખલ વેચાતા લઇ લે છે.

વળી આપણી કેટલીક બહેનપણીઓને આળસાઇનો પણ મરજ લાગુ પડેલો છે. અસલના વખતમાં, ઘેરમાં નોકરનફર મોટે ભાગે કોઇ જાણતુંજ નહિં અને શેઠીયાઓના ઘરમાંબી

જો પકાવનાર પારસી બબરચી રાખતા, તો તે ઘરની શેઠાણી-ઓ ઉપર ટપકેનું સમારી પીસી આપતાં, અને તે ઉપરાંત ઘણું ઉપલક કામ કરી બીચારા નોકરને સવળતા કરી આપતાં. ઘરનાં કામકાજમાંથી બીજો વખત ફાજલ પડતો, તો તેઓ સીવી સાંધી, ભરી ગુંથીને વખત ગાળતાં. વળી પરમાર્થી કામો કરવાને ચુકતાં નહીં. પણ આજે આપણે શું જોઇએ છીએ? આજે તો ઘેરમાં બબરચી તો જોઇએ. તે ઉપરાંત ઉપરનું કામ કરવાવાલો માણસ ને આયાદાયા વગર બાઇ સાહેબોને ચાલે નહીં. ઘેરમાં તરેહવાર રીતે માણસો ચોરાંનું લુટાણું ચલાવે, પણ બાઇ સાહેબોની જાણે બલા. તેવણ તો સહવારે ઘોલ્યાંપરથી ઉઠીને પાછાં ઇઝીચેરપર અરડાશે કે **"બોય?!! ચાહે લાવ."** જે પછી બાઇ સાહેબ જરા વાર્તા વાંચશે ને નોવેલ જોશે. બપોરે આઇતે ભાણે જમીને પોહોઢી જશે, કે વળી પાછાં સાંજે ચાહે નાસ્તો કરી ફરવા જવાની ધધુખર મચાવશે. ઘેર ઘેરને ઠેકાણે. આજના આપણા કહેવાતા સંસારનો આ ચીતાર છે.

આપણા **"પારસી સંસાર"** માં આજે બે જાતની સ્ત્રીઓ જોવામાં આવે છે. એક સદ્દગુણી નાર છે, તો બીજી તેથી ઉલટી કીસમની છે. એક કહેવાતી અપ–ટુ–ડેટ નાર, જે શીશ-ચારીમાં મરીચરી રહેલી હોય છે, તેણી કોઈ કાલે ધણીને મદદગાર થઇ પડતી નથી, પણ ઓર આપદા સમાન ધણીને માથે પડે છે. જ્યારે બીજી ગરીબ અને સદગુણી નાર, ધણીનાં દુઃખ વખતે તેમજ અધરી સધરીએ, સદા મદદગાર દાખલ પુરવાર થઈ છે.

એક અકરાંકતમાં મરી રહેલી નાર, જેણી ફેશનને બ્યુટી દાખલ ઓળખાવતી હશે, તેણી તરફથી ઘરનાં કામકાજની આશા રાખવી, એ તો તદ્દન ફોકટજ છે. જેમ એક કસારીથી તેણી ધ્રુંજી અને બીહ ઉઠશે, તેમ તેણી ઘરના કામકાજથી પણ કમકમી અને સુંગાઈ ઉઠશે. જ્યારે એક ગરીબ નાર, જેણી એક સદગુણી સુંદરી દાખલજ ઓળખાવવી જોઈએ, તેણી ગમે એવાં બીકટ કામમાં ઓસ્તવાર ખડી રહેશે અને એક મરદને શરમાવે તેવું કામ બજાવી ઉભી રહેશે.

દોલતના બીછાણાં ઉપર અળોટાયલી નાર તરફથી, રાંધણ-કળાના હુન્નર માટેની માહેતીની વકી રાખવી, ફોકટજ છે. તેણીઓને તેવું શીક્ષણ મળતું નથી, અને મોટપણે તેવું શીક્ષણ મેળવવાને પણ ગમતું નથી.

રાંધણીમાં તેણીઓ કદી પગ મેલતી નથી. ભાગજોગે જો કુક રૂસાઈ જાય, તો સુકુંપાકું ચલાવી લેવા વગર તેઓને અને ધણીજીઓને છુટકજ થતો નથી; નહીં તો કે ભુખે ઠોકરાવું પડે છે; જ્યારે એક સદગુણી નાર, પોતાના પગપરજ ઉભી રહે છે. તે ઘરનાં માણસો ઉપર બેસી રહેતીજ નથી, પણ પોતે હાથે જાતે રાંધી સીધી ઘરનું કામકાજ કરે છે અને ઘરને સુખવાસી બનાવે છે. તેણી કરકસરથી સારૂં અને સોજણું પકાવી ઘરનાઓની તંદુરસ્તીની જાળવણી અને ખરચમાં ઉગાળો કરે છે.

આ રીતે ત્યારે, આપણી કોમમાં કુંવારાપણું વધી પડવાનાં ઘણાં કારણો છે છતાં પણ જો રીતની બીખનો રીવાજ નાબુદ ન કરવામાં આવશે, તો કોમને તેથી ઘણું ખમવું પડશે. કુંવારાપણાં માટે આ બદી, મોટે ભાગે જવાબદાર છે. માટે આપણ સર્વએ સાથે મળી તે રીવાજને હવે દફ્ણાવવો જોઇએ છે. આપણી ઘણી સદગુણી બહેનો અને બેટીઓ માત્ર રીતની બીખની મોહકાણેજ કુંવારી રહી જવા પામે છે, એ ચોકસજ છે.

આઇતી હરામી દોલત ઉપર મુસ્તાક બની, આપણા બેટાઓ જે રીતી લઈ બેઠા છે, તે ઉપર આપણે તીરસ્કારભરી નજર નાખવી ઘટે છે. આ રીવાજને શરણ થવાથી, તેઓ લોભી બની જાએ છે; જે સાથ હરામખોરીને તેડું કરે છે. અલબત પૈસાદાર માબાપો, પોતાની દીકરીઓને પરણાવ્યા પછી, જમાઇઓને ખુશીથી જે કાંઇ આપે ને ઉદારતાથી નવાજે તે જુદો સવાલ છે; પણ અદરાવાં આગમજ તેવું કાંઇ સાટું થવું નહીં ઘટે, તેથી ગરીબ પણ ઘરરાખુ બેટીઓનો ઉદ્દાવ કરવો મુશ્કેલ થઇ પડે છે. એવી બીખની માગણી તુચ્છકારી કાઢવી લાયક છે. ને બેટાઓ તે માટે સજાવાર છે. કુંવારાપણા માટે એક બીજી બાબત જે જવાબદાર છે તે એ કે, કેટલાંક આપઅખત્યારી ધરાવનાર માતપીતાઓ ગોયા પોતેજ લગન કરવા બેસવાના હોય, તે મીશાલ તેઓ પોતાના બચ્ચાંઓનાં ભવીષ્યનાં સુખો વચ્ચે આરી આડી મારે છે. એટલે બચ્ચાંઓની લગન માટેની

પસંદગી વચ્ચે આડે આવે છે, અને પોતાનાજ મતલબીઆઓ સંગાથ તેઓને જણાવ્યા કે ચેતાવ્યા વિના, છુંપી રીતે જોડું જોડી આપે છે, અને એવી રીતે અણગમતા સાથી સાથે બેટા-બેટીઓને જોડી આપી, તેઓનાં સંસારને સરીયામ કચડી મેલે છે.

એ પગલું, જેટલું અફસોસકારક છે, તેટલુંજ ધાટકી છે. માટે એવાં માતપીતાઓને આપણે ચેતવણી આપીશું કે, તહમો પોતાનાં બચ્ચાંઓનાં લગન માટે કેડેબી સાટું કરવા અગાઉ, તેઓના વિચારો જાણવું એ ઘણુંજ બહેતર છે.

પણ વળી તેજ વેળા કેટલેક ઠેકાણે છોકરા છોકરીઓ છુપી રીતે અરસપરસના કોલો આપી બંધાય છે, તે તરફ પણ આપણે પસંદગીની નજરે નહી જોઇશું. એમ કરી ઉછાછલા જુવાન્યાઓ પોતાનું છાલકાપણું અને નાદાન્યતપણું દેખાડી આપે છે. તેઓએ ભલે પસંદગી કીધી હોય પણ કોલથી બંધાવા આગમજ માતપીતાના વીચારો જાણવા જોઇએ, કેમકે આખર કરે ને લીલીસુકી વેઠી ચુકેલાં માબાપો તેઓને સારેજ રાહે પાડી શકશે.

ટુંકમાં કહીએ, તો આપણા સંસારનું કોકડું એવી રીતે ગુંચવાયલું છે કે, તેને ઉકેલવા માટે બાહોશ ભેજાંઓની જરૂર છે. કુંવારાપણાં માટે, આપણે લંબાણથી જોઇ આવ્યા તેમ, અનેક સબબો આભારી છે, જેનો હવે તોડ નીકળવો ઘટે છે.

ખુદા આપણી કોમનો નેગેહબાન થાવ, અને અશો જરથોસ્ત પેગંબર, રસ્તો ભુલેલી આપણી કોમને, પાછો સીધો રાહ બતાવો, એવી આપણે ખરા અંતકરણથી દુવા ઇચ્છીશું.

ગોદરેજના સાબુ.

શુદ્ધ તેલના—જરાએ ચરબી વીનાના.

સરકારી રસાયણીની સરટીફીકેટ.

તા૦ ૨૬ મી સપટેમબર ૧૯૧૪.

ગોદરેજનો નાહવાનો સાબુ મેં બારકીથી તપાસી જોયો છે અને મારા મત મુજબ એ સાબુ બહુ ઉંચી જાતનો છે અને સારા સાબુમા જે જે ગુણ જોઇએ તે બધા એમાં છે.

એ સાબુ ફક્ત શુદ્ધ તેલનો બનેલો છે, ફીણ બહુ વલે છે. ટકવામાં ઘણો સારો છે અને નાજુક ચામડી માટે પુરતો લાયક છે.

લી૰

મેજર ડીકોનસન.

આઇ. એમ. એસ. ગવરમેંટ એનેલાઇઝર.

કારખાનું—સાંકલી સ્ટ્રીટ, ભાયખલા, મુંબઇ.